


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા




માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૨ * * * સંવત ૨૦૮૧ ફાગણ સુદ છઠ, બુધવાર ૫ માર્ચ, ૨૦૨૫ * * * દૈનિક : ૮૮ - અંક : ૧૦૨

પાનાં ૧૨+૧૬ કિંમત ₹ ૫.૦૦

# ટ્રેડ વૉર શરૂ: ટ્રમ્પના ટેરિફ સામે ચીનના વળતા ટેરિફ

**અમેરિકી** કંપનીઓ પર પ્રતિબંધ, WTOમાં કાનૂની કાર્યવાહી, અમેરિકાથી આવતી કેટલીક વસ્તુઓ પર ૧૫ ટકા અને કેટલીક વસ્તુઓ પર ૧૦ ટકા વધારાનો વેરો

**દસ** અમેરિકન કંપનીઓને બિનવિશ્વાસપાત્ર કંપનીઓની યાદીમાં મૂકવામાં આવી, ચોથી માર્ચથી અમલી બનેલા અમેરિકાના વધારાના ટેરિફ સામે ચીનનો વળતો પ્રહાર, જો કે અમેરિકા સાથે વાટાઘાટ માટે તૈયાર

**બૈજિંગ, તા. 4 (PTI):** અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચીનની નિકાસો પર લાદેલા ૧૦ ટકા ટેરિફના બીજા રાઉન્ડના વળતા જવાબમાં ચીને આજે અમેરિકી માલસામાન પર ૧૫ ટકા વધારાના ટેરિફની જાહેરાત કરી હતી અને વિશ્વ વેપાર સંગઠન(ડબલ્યુટીઓ) ખાતે વૉશિંગ્ટન સામે કાનૂની પગલાની શરૂઆત કરી હતી. ચીન મંત્રણા અને વાટાઘાટો દ્વારા એકબીજાની ચિંતાઓને હાથ ધરવા માટે અમેરિકા સાથે કામ કરવા માટે તૈયાર છે. ચીન અમેરિકાથી આયાત થતા કેટલાક ઉત્પાદનો પર દસમી માર્ચથી અમલી બને તે રીતે વધારાના ટેરિફ લાદશે એમ ચીનના કસ્ટમ્સ ટેરિફ કમિશને મંગળવારે જણાવ્યું હતું. વધારાનો ૧૫ ટકા વેરો અમરિકાથી આવતા ચીકન, ઘઉં, મકાઇ અને કપાસ પર લાગે પડશે એમ તેણે એક નિવેદનમાં જણાવ્યું હતું. સોરગમ, સોયાબીન્સ, પોર્ક, બીફ, જલજ ઉત્પાદનો, ફળો, શાકભાજી અને ડેરી પ્રોડક્ટ્સ પર વધારાની દસ ટકા ટેરિફ લાગશે.

વધુમાં ચીને, આજે નિર્ણય કર્યો હતો કે અમેરિકાની દસ કંપનીઓને તે દેશની અવિશ્વાસપાત્ર એકમોની યાદીમાં મૂકશે એન તેમની સામે પગલાઓ લેશે. તેમાં સંરક્ષણ અને સુરક્ષા સાથે સંકળાયેલી સંખ્યાબંધ કંપનીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત એઆઇ, એવિએશન, આઇટી

...અનુસંધાન પાના 4 પર



## ટ્રમ્પના ટેરિફ અમલી બનતા વૉલસ્ટ્રીટમાં શેરો વધુ ગગડ્યા

**ન્યૂયોર્ક :** વોલ સ્ટ્રીટ પર મંગળવારે સવારના સોદાઓમાં શેરો ગગડી ગયા હતા કારણ કે અમેરિકા અને તેના મુખ્ય વેપાર ભાગીદારો વચ્ચે વેપાર યુદ્ધ વધ્યું છે, જેના કારણે ચૂંટણીના દિવસથી S&P 500માં જે વધારો થયો હતો તે તમામ ધોવાઈ ગયો હતો. અમેરિકા, ચીન, કેનેડા અને મેક્સિકો વચ્ચેના ટેરિફ યુદ્ધથી અમેરિકી શેરોમાં તાજેતરના ઘટાડાને લંબાવવામાં મદદ મળી છે જે અર્થતંત્રમાં નબળાઈના સંકેતોને કારણે શરૂ થયો હતો. એસ&પી 500 1.4% ઘટ્યો હતો, જે રિયલ એસ્ટેટ અને યુટિલિટીઝ સિવાય લગભગ દરેક ક્ષેત્ર દ્વારા પ્રભાવિત થયો હતો, જેને સામાન્ય રીતે પ્રમાણમાં સુરક્ષિત રોકાણ માનવામાં આવે છે. ઇસ્ટ ટાઇમ મુજબ સવારે 10:04 વાગ્યા સુધીમાં ડાઉ જોન્સ ઇન્ડસ્ટ્રિયલ એવરેજ 580 પોઈન્ટ અથવા 1.3% ઘટ્યો હતો. નાસ્ડેક કમ્પોઝિટ 1.4% ઘટ્યો હતો. યુરોપમાં બજારોમાં તીવ્ર ઘટાડો થયો હતો જ્યારે એશિયામાં શેરબજારમાં વધુ સામાન્ય ઘટાડો જોવા મળ્યો હતો.

## કેનેડા અને મેક્સિકો સામેના અમેરિકાના ટેરિફ અમલી બન્યા: બંને દેશોએ વળતો જવાબ આપ્યો

**કેનેડાએ** કહ્યું કે તે ૨૧ દિવસમાં ૧૦૦ અબજ ડોલરથી વધુના અમેરિકાના માલ પર ટેરિફ લાદશે

**વૉશિંગ્ટન, તા. 4 (AP):** અમેરિકી પ્રમુખ ટ્રમ્પ દ્વારા લાંબા સમયથી જેની ધમકીઓ અપાતી હતી તે કેનેડા અને મેક્સિકો સામેના ટેરિફ આજે મંગળવારથી અમલી બની ગયા હતા અને તે સાથે જ વૈશ્વિક બજારો તનાવ હેઠળ આવી ગયા હતા અને તે સાથે અમેરિકાના આ ઉત્તર અમેરિકા ખંડના સાથીદારો તરફથી વળતા સખત જવાબ પણ આવ્યા હતા. મધરાત પસાર થવાની સાથે જ કેનેડા અને મેક્સિકોથી અમેરિકા આયાત થતી વસ્તુઓ પર પચ્ચીસ ટકા વેરો લાગે છે, જયારે કેનેડાની ઉર્જા પેદાશો પર દસ ટકા આયાત ડ્યુટી લાગવાની શરૂ થઇ ગઇ છે. ટ્રમ્પે ચીનની આયાતો પર પણ દસ ટકા વધારાનો ટેરિફ લાગુ પાડ્યો છે અને તે સાથે ચીની વસ્તુઓ પર હવે કુલ ટેરિફ ૨૦ ટકા જેટલું થયું છે તે સાથે ચીને વળતા પ્રહારો કર્યા છે તો કેનેડા અને મેક્સિકોએ પણ અમેરિકાના ટેરિફના વળતા જવાબ આપ્યા છે. કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોએ જણાવ્યું હતું કે તેમનો દેશ 21 દિવસમાં 100 બિલિયન ડોલરથી વધુના અમેરિકન માલ પર ટેરિફ લાદશે. મેક્સિકોએ પણ વળતા પગલાનો સંકેત આપ્યો હતો પણ તાત્કાલિક પગલાંની વિગતો આપી ન હતી. મેક્સિકોના

...અનુસંધાન પાના 4 પર

## ઓસ્ટ્રેલિયા સામે 14 વર્ષના વનવાસનો અંત લાવી ભારત ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલમાં

**265** રનના લક્ષ્યાંકને 48.1 ઓવરમાં આંબી લઇને ભારતે ઓસ્ટ્રેલિયા સામે આઇસીસી નોકઆઉટમાં હાઇએસ્ટ રનચેઝ કર્યો

**આઇસીસી** ઇવેન્ટની નોકઆઉટ મેચમાં 14 વર્ષથી ઓસ્ટ્રેલિયા સામે હારતા આવેલા ભારતે આ વખતે એકસામટો બદલો વાળી લીધો



**દુબઇ, તા. 04 :** આઇસીસી ઇવેન્ટની નોકઆઉટ મેચમાં છેલ્લા 14 વર્ષથી ઓસ્ટ્રેલિયા સામે હારતી આવેલી ભારતીય ટીમે આજે અહીં રમાયેલી ચેમ્પિયન્સ ટ્રોફીની સેમીફાઇનલમાં બોલરોના શાનદાર પ્રદર્શન પછી ચેઝ માસ્ટર વિરાટ કોહલીની 84 રનની ઇનિંગ અને શ્રેયસ અય્યર, અક્ષર પટેલ અને કેએલ રાહુલ સાથેની તેની ભાગીદારીઓની મદદથી ભારતે 11 બોલ બાકી રાખીને છ વિકેટના ભોગે લક્ષ્યાંક આંબી લઇને મેચ ચાર વિકેટે જીતીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો અને તેની સાથે આઇસીસી ઇવેન્ટની નોકઆઉટ મેચમાં 14 વર્ષથી ઓસ્ટ્રેલિયા સામે હારતા આવેલા ભારતે આ વખતે એકસામટો બદલો વાળી લીધો હતો.

ઓસ્ટ્રેલિયાએ સ્ટીવ સ્મિથ તેમજ એલેક્સ કેરીની અર્ધસદી તેમજ સ્મિથની ટ્રેવિસ હેડ, માર્નસ લાબુશેન અને કેરી સાથેની ભાગીદારીઓની મદદથી 264 રન બનાવીને મૂકેલો 265 રનનો

...અનુસંધાન પાના 11 પર



### મુલાયમ સિંહ પરિવારનો વધુ એક સભ્ય રાજકારણમાં ઝંપલાવશે

હાલમાં દિલ્હી યુનિવર્સિટીના કેમ્પસ લો સેન્ટરના (સીએલસી) વિદ્યાર્થી સંગઠનના કાર્યાલયના ઉદ્ઘાટન સમારંભમાં એક ખાસ મહેમાન હાજર રહ્યા હતા. સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવનાં પુત્રી અદિતિ યાદવે આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ભાગ લીધો

...અનુસંધાન પાના 4 પર

તા. ૦૪-૦૩-૨૦૨૫નું સુરત શહેરનું

### હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૪.૦° સે. | ૨૨.૩° સે. | ૩૨% |

## કોઈને 'મિંયા-તિંયા' કે 'પાકિસ્તાની' કહેવું એ ધાર્મિક લાગણી દુભાવવાનું કૃત્ય નથી: સુપ્રીમ કોર્ટ

**આવા** શબ્દો વાપરવા એ ખોટું કૃત્ય છે પણ ધાર્મિક લાગણી દુભાવવાનું કૃત્ય નથી

**ઝારખંડના** એક કેસમાં હાઇકોર્ટનો આદેશ રદ કરીને સુપ્રીમ કોર્ટે આરોપીને ધાર્મિક લાગણી દુભાવવાના ગુનામાંથી મુક્ત કર્યો

**નવી દિલ્હી, તા. 4 (PTI):** સુપ્રીમ કોર્ટે 'મિયાં-તિયાં' અને 'પાકિસ્તાની' જેવા શબ્દોનો ઉપયોગ ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવાનો ગુનો નથી તેમ ઠરાવ્યું છે, જો કે આ શબ્દો ખરાબ રીતે ઉપયોગમાં લેવાયા છે.

જસ્ટિસ બી.વી. નાગરત્ના અને સતીશ ચંદ્ર શર્માની બેન્ચે ઝારખંડના ચાસ સ્થિત સબ-ડિવિઝનલ ઓફિસમાં ઉર્દૂ અનુવાદક અને કાર્યકારી કારકુન- માહિતી અધિકાર (RTI)ની ફરજ બજાવતી વ્યક્તિ દ્વારા દાખલ કરાયેલા ફોજદારી કેસમાં એક વ્યક્તિને દોષમુક્ત જાહેર કર્યો હતો. 11 ફેબ્રુઆરીના કોર્ટના આદેશમાં કહેવામાં આવ્યું હતું કે, અપીલકર્તા પર માહિતી આપનારને 'મિયાં-તિયાં' અને 'પાકિસ્તાની' કહીને તેની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવાનો આરોપ છે. નિ:શંકપણે, આપવામાં આવેલા નિવેદનો ખરાબ પ્રકારના છે. જો કે, તે માહિતી આપનારની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવા સમાન નથી. તેથી, અમારો મત છે કે અપીલકર્તાને IPCની કલમ 298 હેઠળ મુક્ત કરવામાં આવે. IPC ની કલમ 298 ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવાના ઈરાદાથી કરવામાં આવેલા શબ્દો અથવા ચેષ્ટાઓ સાથે સંબંધિત છે.

ઘટનાક્રમની વિગતો એવી છે કે આરોપી હરિ નંદન સિંહે બોકારોના વધારાના કલેક્ટર-કમ-પ્રથમ એપેલેટ અધિકારી પાસેથી માહિતી મેળવવા માટે RTI કાયદા હેઠળ માહિતી માંગી હતી અને માહિતી તેને મોકલવામાં આવી હતી. જોકે,

...અનુસંધાન પાના 4 પર

## ટ્રમ્પે યુક્રેન માટેની તમામ લશ્કરી સહાય હંગામી રીતે અટકાવી દીધી

**યુક્રેનને** હાલ કોઇ લશ્કરી સરંજામ કે ભંડોળ અમેરિકા તરફથી મળશે નહીં

**યુક્રેન** રશિયા સાથે શાંતિ મંત્રણા માટે ગંભીરતાપૂર્વક તૈયાર છે એવું અમેરિકાને જણાય નહીં ત્યાં સુધી આ સહાય બંધ રહેશે, રશિયા સાથેના કરારમાં સુરક્ષા ગેરંટી બાબતે યુક્રેન મક્કમ

**ન્યૂયોર્ક, વૉશિંગ્ટન, તા 4 (PTI):** અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે યુક્રેનને અમેરિકી લશ્કરી સહાયનો પુરવઠો તત્કાળ અસરથી હંગામી ધોરણે અટકાવી દીધો છે, જે પગલું વ્હાઇટ હાઉસની ઓવલ ઓફિસમાં યુક્રેનિયન પ્રમુખ વોલોદીમીરી ઝેલેન્સ્કી સાથે તેમની અભૂતપૂર્વ બોલાચાલી થઇ તેના પછી આવ્યું છે.

ધ ન્યૂયોર્ક ટાઈમ્સના એક અહેવાલમાં એક વરિષ્ઠ વહીવટી અધિકારીને ટાંકીને કહેવામાં આવ્યું છે કે ટ્રમ્પે યુક્રેનને તમામ યુએસ લશ્કરી સહાયની ડિલિવરી અસ્થાયી

...અનુસંધાન પાના 4 પર

### ઓવલ ઓફિસમાં ટ્રમ્પ સાથે થયેલા ઝઘડાને ઝેલેન્સ્કીએ ખેદજનક ગણાવ્યો

**કિવ.** યુક્રેનના પ્રમુખ વોલોદીમીર ઝેલેન્સકીએ મંગળવારે જણાવ્યું હતું કે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ઓવલ ઓફિસમાં થયેલી બોલાચાલી દુ:ખદ હતી, અને બાબતોને સુધારવાનો સમય આવી ગયો છે. ઝેલેન્સકીની ટિપ્પણી વ્હાઇટ હાઉસે યુક્રેનને લશ્કરી સહાય પર રોક લગાવવાની જાહેરાત કર્યાના કલાકો પછી આવી હતી. શુક્રવારે વ્હાઇટ હાઉસ ખાતે વોશિંગ્ટનમાં અમારી બેઠક જે રીતે થવાની હતી તે રીતે ચાલી ન હતી એમ ઝેલેન્સકીએ X પર એક પોસ્ટમાં કહ્યું. તે દુ:ખદ છે કે તે આ રીતે થયું. હવે વસ્તુઓને સુધારવાનો સમય આવી ગયો છે.

...અનુસંધાન પાના 4 પર




